eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 376
November 10, 2014

## સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિને "એકતા દોડ–રન ફોર યુનિટી"

પ્રખર રાષ્ટ્રભકત સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિન ૩૧મી ઓકટોબરના રોજ સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં તા.૩૧/૧૦/૨૦૧૪ના રોજ સવારે ૬.૪૫ કલાકે ઉધના ગામ ખાતે આવેલ ગુરૂદ્વારાની સામેથી ઉડીપી રેસ્ટોરન્ટ થઈ, સત્યનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ, ઉધના ઝોન ઓફિસ

વધુ માટે કલીક કરો >>>>>>

## સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન ઉજવણી

ભારતની એકતાના શિલ્પકાર સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિનની ઉજવણી અંતર્ગત તા.૩૧/૧૦/૨૦૧૪ના રોજ સવારે ૮.૦૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન સામે સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમાને સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, શ્રી ઈશ્વરભાઈ

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં આજરોજ તા.૦૧/૧૧/૨૦૧૪ નાં રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૬, ગુંદીશેરી, મહીધરપુરા, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૧૬૬૦, ૧૬૬૧ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૪/૧૦/૧૩ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં તા. ૦૫/૧૧/૨૦૧૪ ના રોજ ડિમોલેશન કરવાની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઝોન (ઉધના)માં કાર્યપાલક ઇજનેરશ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળે ડિમોલેશનની કામગીરી કરવામાં આવેલ. ટી.પી. સ્કીમ નં ૪૮ (ભેસ્તાન) પ્રિલિમિનરીલ ફા.પ્લોટ નં. ૮૨ (રીઝર્વેશન પ્લોટ) માં ઉત્તરના ભાગમાં રહેણાંક હેતુસરનુ અનઅધિકૃત બાંધકામ શરૂ કરવામાં આવેલ. જેમાં

વધુ માટે કલીક કરો >>>>>>

૬૫૦

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં  સમાવિષ્ટ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૨(ડિંડોલી–ભેસ્તાન–ભેદવાડ),ઓ.પી.નં. ૧૫૦/ બી ,ફા.પ્લોટ નં.૧૫૦ /બી  ડિંડોલી ખરવાસા મુખ્ય માર્ગ ઉપર આવેલ સાંઈ પોઈન્ટ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી ગંગાબેન રાધેશ્યામ મિશ્રા વિ.ના પાવરદાર તરીકે શ્રી એલ.ટી.પટેલ તેમજ અન્યો દ્વારા વસવાટની પરવાનગી વિના શરૂ કરવામાં આવેલ  દુકાન નંગ –૧૧ માં આજ  તા. ૩૦/૧૦/૨૦૧૪ના રોજ અત્રેના ઝોનના ટેકનીકલ વિભાગ તથા દબાણ સ્ટાફ મારફત સ્થળ પર સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

TOP

૬૫૧

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૧૦/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૧૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૬૯૨૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૮૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવી.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા. ૨૯,૪૬,૭૭૩/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૩૬,૨૧૧/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૧,૧૬,૦૯૮/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૯૨,૬૩૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

**TOP**

૬૫૨

મોસમ વિભાગના તા.૨૭–૧૦–૨૦૧૪ બુલેટીન મુજબ નિલોફર સાયકલોન નલીયા(કચ્છ )થી ૧૧૮૦ કિ.મી.ના અંતરે સ્થિત હતું.૩૦ ઓકટોબરની સવારથી ૩૧મીની સવાર સુધીમાં હવાની સ્પીડ ૧૦૦થી ૧૨૫કી.મી.પ્રતિ કલાક સુધી પહોંચવાની સંભાવના હોય, સરકારશ્રી તરફથી પૂરતી તકેદારી અને પૂર્વતૈયારી રાખવા મળેલ સૂચના અન્વયે સુરત મહાનગરપાલિકા તરફથી તાકીદના ધોરણે ઉચ્ચસ્તરીય મીટીંગ બોલાવી તમામ અધિકારી/કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.જેના પર મ્યુ.કમિશનરશ્રી કક્ષાએ સતત મોનીટરીંગ થઈ રહેલ છે.

–સદર આગાહી સંદર્ભે સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી તેમજ તમામ ઝોન કચેરી ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે. દરેક ઝોન કચેરી ખાતે આકસ્મિક જરૂરીયાતને પહોંચી વળવા માટે પૂરતી સંખ્યામાં કર્મચારીઓ/કામદારોની ટીમ તૈયાર રાખેલ છે. દવાના પૂરતા સ્ટોક સાથે મેડીકલ ટીમ તૈયાર રાખેલ છે. બ્લેક આઉટ થાય તેવા સંજોગોમાં જનરેટર સેટ તૈયાર રાખવા સૂચના આપેલ છે.

–શહેરી વિસ્તારમાં મોટી બિલ્ડીંગો પર હોર્ડીંગ્સ લગાવેલ હોય તેને ઉતારી પાડવાની સૂચના આપેલ છે. જે અન્વયે અત્યાર સુધીમાં ૨૭ જેટલા હોર્ડીંગ્સ ઉતારવામાં આવેલ છે.

–અતિ ઝડપી પવન ફૂંકાવાની શકયતા ધ્યાને લઈ,રસ્તા પર પડેલ ઝાડ તુરંત દૂર કરી વાહનવ્યવહાર પૂર્વવત થાય તે મુજબ ફાયર તથા ગાર્ડન વિભાગની સ્ટેન્ડબાય ટીમો તૈયાર રાખેલ છે.

TOP

# સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિને "એકતા દોડ–રન ફોર યુનિટી"







પ્રખર રાષ્ટ્રભકત સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિન ૩૧મી ઓકટોબરના રોજ સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં તા.૩૧/૧૦/૨૦૧૪ના રોજ સવારે ૬.૪૫ કલાકે ઉધના ગામ ખાતે આવેલ ગુરૂદ્વારાની સામેથી ઉડીપી રેસ્ટોરન્ટ થઈ, સત્યનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ, ઉધના ઝોન ઓફિસ સુધી 'એકતા દોડ–રનફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ એકતા દોડ કાર્યક્રમમાં મ્યુનિ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણેએ સૌને આવકાર્યા બાદ ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ જણાવ્યુ હતું કે, જયારે સમગ્ર દેશ આજે 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવી રહયો છે ત્યારે સુરત શહેર પણ એમાં જોડાઈને દેશને સમૃદ્ધ બનાવવા એક, નેક અને મજબુત બનાવવાની હાકલ કરી હતી. દેશની એકતા અને અખંડિતતા માટે કાર્યરત બનવા સંકલ્પ કરી તેને ચરિતાર્થ કરવા 'એકતા દોડ–રન ઓફ યુનિટી'માં જોડાવાનો અનુરોધ કર્યો હતો. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.,ગાંધીનગરના ચેરમેનશ્રી ઈશ્વરભાઈ ભાવસારએ વિકાસ અને પ્રગતિમાં અગ્રેસર એવા ડાયમંડ અને ટેક્ષટાઈલ્સ શહેર સુરતમાં આવવા બદલ ગર્વની લાગણી સાથે જણાવ્યું હતું કે, આપણે એકતાના અભાવે પરતંત્ર રહયા હતા. જે સ્વતંત્રતા બાદ દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરવાનું ભગીરથ કાર્ય કુશળ વહીવટકર્તા સરદાર વલ્લભભાઈ પટેલએ પુરૂં પાડયું હતું. આપણે પણ સ્વતંત્ર ભારતની એકતાના શિલ્પકાર અને કુશળ વહીવટકાર સરદાર વલ્લભભાઈ પટેલના ચિરસ્થાયી કર્તવ્યને સમાદરપૂર્વક સ્મૃતિબદ્ધ કરવા, એને જન જન સુધી પહોંચાડી એકતાના સુત્રમાં બાંધવા યૌવનસહજ જોમથી ભાંવાજલિ આપવાના પ્રતિક સ્વરૂપ યોજાયેલા આ "એકતા દોડ–રન ફોર યુનિટી" કાર્યક્રમમાં જોડાઈને દેશની પ્રગતિમાં સહભાગી બનીએ તે માટે આહ્‌વાન કરી,સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપનને ચરિતાર્થ કરવા રાષ્ટ્રની એકતા,અખંડિતતા અને સુરક્ષા ટકાવી રાખવા તેમજ દેશની આંતરિક સુરક્ષા સુનિશ્રિત કરવા યથાયોગ્ય ફાળો આપવા અંગેના "રાષ્ટ્રીય એકતા દિવસ શપથ" લેવડાવ્યા હતા.બાદમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોએ 'ભારત માતાકી જય'ના ગગનભેદી નાદ સાથે લીલી ઝંડી ફરકાવી "એકતા દોડ–રન ફોર યુનિટી"ને પ્રસ્થાન કરાવ્યું હતું. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, શ્રી ઈશ્વરભાઈ ભાવસાર, ચેરમેનશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ., ગાંધીનગર, સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, શ્રી અજયકુમાર ચોકસી, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, કલેકટરશ્રી ડો.રાજેન્દ્રકુમાર, શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડિયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, રમતવીરો, શહેરના દરેક વર્ગના બાળકો, મહિલાઓ, પુરૂષો, સીનીયર સીટીજન નાગરિકોએ મોટી સંખ્યામાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

TOP

## સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન ઉજવણી



ભારતની એકતાના શિલ્પકાર સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિનની ઉજવણી અંતર્ગત તા.૩૧/૧૦/૨૦૧૪ના રોજ સવારે ૮.૦૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન સામે સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમાને સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, શ્રી ઈશ્વરભાઈ ભાવસાર, ચેરમેનશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ., ગાંધીનગર, સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી અજયકુમાર ચોકસી, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, કલેકટરશ્રી ડો.રાજેન્દ્રકુમાર, શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિપક્ષના નેતાશ્રી ભુપેન્દ્રભાઈ સોલંકી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી કિશોરીબેન કાપડિયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા શહેરીજનોએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
# અખબારી યાદી






શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં આજરોજ તા.૦૧/૧૧/૨૦૧૪ નાં રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)માં અલથાણ રોડ પર આવેલ ફા.પ્લોટ નં.૧૫૩ (ખોડીયારનગર)ની બાજુમાંથી પસાર થતો અને અલથાણ રોડ તેમજ આઝાદનગર રોડને જોડતો ૧૨.૦૦ મી. ટી.પી.રસ્તાની ૨૨૭૦૦.૦૦ ચો.ફુટ જમીનનો કબજો મેળવી ટી.પી.રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. જેમાં ટી.પી.રસ્તાની અસરમાં આવતી નડતરરૂપ મિલ્કત ગ્રા.ફ્લોર + એક માળનાં ૨(બે) મકાનો તેમજ કાચા પાકા તબેલાઓ દૂર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)માં અલથાણ રોડ પર ખોડીયારનગર સોસાયટી પાસે આવેલ સુરત મહાનગરપાલિકા માટેનો રીઝર્વેશનનો ફા.પ્લોટ નં.૧૩૯ (સબ સેન્ટર)વાળી ૭૭૯૦.૦૦ ચો.ફુટ જગ્યાનો કબજો મેળવવામાં આવેલ છે. તેમજ સદરહુ પ્લોટની પર કંમ્પાઉન્ડ વોલનું કામ શરૂ કરાવવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)માં ખોડીયારનગર સોસાયટીની પાછળ ખાડી કિનારે આવેલ ફા.પ્લોટ નં.૧૫૪ (પબ્લીક પર્પઝ) વાળી સુરત મહાનગરપાલિકાની માલિકીની ૧૭૭૫૦.૦૦ ચો.ફુટ જગ્યાનો કબજો મેળવવામાં આવેલ છે. સદરહુ પ્લોટનો કબજો મેળવવા માટે નડતરરૂપ એક પતરાવાળું મકાન દૂર કરવામાં આવેલ છે.

(૪) ટી.પી.સ્કીમ નં.૬૫(વેસુ–ભરથાણા–અલથાણ)માં ૬૦.૦૦ મી.નાં ઉધના–મગદલ્લા રોડ પર આવેલ ફા.પ્લોટ નં.૧૮ પૈકી ઓ.પી.નં. ૨૧/એ + ૨૧/બી વાળી જગ્યામાં જુદા–જુદા ઈસમો દ્વારા લોખંડનાં એંગલ, લાકડાનાં બામ્બુના પતરાનાં શેડનાં સ્ટોલ બનાવી કોમર્શીયલ પ્રવૃત્તિ કરવામાં આવી રહેલ, જે અત્રેથી કુલ ૨૧૦૦૦.૦૦ ચો.ફુટ માં આવેલ કુલ ૧૭ સ્ટોલ દૂર કરવામાં આવેલ છે. તેમજ વહીવટી ચાર્જ પેટે કુલ રૂા.૮૫,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

સદર ફાયનલ પ્લોટ નં.૧૮ વાળી જગ્યા નવી શરતની જગ્યા છે. જેમાં કોઈપણ પ્રકારની મંજુરી લીધા વગર ચાલતી ગેરકાયદેસરની વાણિજય હેતસરની પ્રવૃત્તિ આજરોજ બંધ કરવામાં આવેલ છે. ભવિષ્યમાં જો ફરીથી આ પ્રકારની વાણિજય પ્રવૃત્તિ શરૂ કરવામાં આવશે તો સદર ફા.પ્લોટ નં.૧૮ વાળી જગ્યા ખાલસા કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) ટી.પી.સ્કીમ નં.૬૫(વેસુ–ભરથાણા–અલથાણ)માં ૬૦.૦૦ મી.નાં ઉધના–મગદલ્લા રોડ પર આવેલ ફા.પ્લોટ નં.૮/બી માં આવેલ રીયા પાર્ટી પ્લોટ પરથી ગેટની કમાન તથા મંડપ દૂર કરવામાં આવેલ છે. તેમજ તેની બાજુમાં લોખંડના એંગલ તેમજ પતરાનાં શેડ બનાવી આશરે ૩૬૦૦.૦૦ ચો. ફુટમાં કોમર્શીયલ પ્રવૃત્તિ કરવામાં આવી રહેલ, જે આજરોજ અત્રેથી દૂર કરવામાં આવેલ છે. તેમજ વહીવટી ચાર્જ પેટે કુલ રૂા.૩૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ દ્વારા સીકયુરીટી સ્ટાફની મદદથી પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

૬૫૬

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૧૦/૨૦૧૪ તથા તા.૩૧/૧૦/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૪૨૭.૦૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૬૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૬૭૩૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૯૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૫ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૮૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા.૨૩,૩૩,૭૦૯/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૨૪,૩૨૦/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૫ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૧,૨૦,૯૯૦/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૩૪,૦૦૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

૬૫૭

સાઉથ ઝોન(ઉધના) ખાતે આવેલ ડ્રાફ્ટ ટી.પી સ્કીમનં-૫૬(બમરોલી) માં બ્લોકનં-૧૮૦ ,ફા પ્લોટનં-૧૧ એ/બી, પ્લોટનં- ૪૭ થી ૫૧ ભગવતી નગર માં સક્ષમ સતાધીશની મંજુરી વગર બાંધકામ ચાલુ કરવામાં આવેલ. જે બાંધકામ અત્રેથી અટકાવેલ તથા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. તેમ છતા બાંધકામ ચાલુ રાખતા અત્રેથી તા-૩૦/૧૦/૨૦૧૪ ના રોજ થી તા-૦૧/૧૧/૨૦૧૪ દરમ્યાન ગ્રાઉન્ડ ફ્લોર+પ્રથમ માળનું આશરે ૨૬૦૦ ચો.ફુટનું બાંધકામ આર.સી.સી, બીમ, કોલમ, સ્લેબ તથા ચણતર કામ સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

**TOP**

સુરત મહાનગરપાલિકાનાં વેસ્ટ ઝોન (રાંદેર) ઝોન ખાતે આજરોજ તારીખ : ૦૧/૧૧/૨૦૧૪ નાં રોજ રાંદેર રોડ, પાલનપુર પાટીયા ખાતેથી વિજય ડેરી, જય જલારામ ખમણ હાઉસ તેમજ રૂપાલી સીનેમા દ્વારા રોડ માર્જીનમાં બનાવવામાં આવેલ મંડપ તથા હોટલનું આશરે ૧૨૫૦ ચો.ફુટ ગેરકાયદેસર ટેમ્પરરી સ્ટ્રકચરનું બાંધકામ દુર કરાવવામાં આવેલ છે. તેમજ પાલનપુર પાટીયા શાકભાજી માર્કેટમાં લારી–ગલ્લાં તેમજ પાથરણાંને જાહેર માર્ગ પર કરવામાં આવેલ દબાણ દુર કરવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૧/૧૧/૨૦૧૪ ના રોજ

(૧) ટી.પી.સ્કીમ નં. ૪૯ (કતારગામ), ફા.પ્લોટ નં. આર–૨૦ (કોમ્યુનીટી સેન્ટર) વાળી રીઝર્વેશનની જગ્યામાં અજાણ્યા ઈસમો ધ્વારા દિવાળીની રજાઓમાં ગેરકાયદેસર રીતે શેડ ઉભો કરવાનો પ્રયત્ન કરતાં, તા.૦૧/૧૧/૨૦૧૪ ના રોજ તબેલા બનાવવાના ઈરાદે આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં શરૂ કરેલ શેડનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં. ૪૯ (કતારગામ) ફા.પ્લોટ નં. ૯૩/એ માં પરસોત્તમનગર સોસાયટીમાં બિનઅધિકૃત કામ કરવાના પ્રયાસો કરતા પ્લીન્થ લેવલના બાંધકામો બંધ કરાવી બાંધકામના માલસામાન તરીકે લોખંડની ભારી જમા લેવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૧/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૭૭૩૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૩૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૦ ઈસમોને નોટીસ આપવામાં આવી

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા.૨૯,૩૭,૬૭૬/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૪૭,૨૩૬/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૨ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૨,૬૭,૪૨૩/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૭૬,૮૦૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## મધ્યસ્થ મહેકમ વિભાગ

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનીગ વિભાગમાં આસી.ટાઉન પ્લાનર તરીકે ફરજ બજાવતા નીચે જણાવેલ ૦૪ કર્મચારીઓને ડે.ટાઉન પ્લાનર તરીકે બઢતી આપવાના હુકમ કરવામાં આવેલ છે.

| અ.નં. | કર્મચારીનુ નામ | કર્મચારી નંબર |
|---|---|---|
| ૧. | શ્રી મીનાબેન એમ.ગજજર | ૩૪૭૯૨ |
| ૨. | શ્રી જયદીપ એન.પરીખ | ૩૬૧૯૨ |
| ૩. | શ્રી રચિતા સનતકુમાર દેસાઈ | ૩૬૨૭૪ |
| ૪. | શ્રી કિરણભાઈ આર. સુમરા | ૩૬૨૭૩ |

તેમજ સ્વીમીગપુલ ખાતામાં સ્વીમીગ પુલ ઈન્સ્ટ્રકટર તરીકે ફરજ બજાવતા નીચે જાણવેલ ૦૧ કર્મચારીને ચીફ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર તરીકે બઢતી આપવાનો હુકમ કરવામાં આવેલ છે.

| અ.નં. | કર્મચારીનું નામ | કર્મચારી નંબર |
|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર યુ.વાઘેલા | ૧૪૫૦૮ |

TOP

૬૬૨

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**




સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૬, ગુંદીશેરી, મહીધરપુરા, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં.૧૬૬૦, ૧૬૬૧ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૨૪/૧૦/૧૩ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ વધારાના માળનું બાંધકામ કરવામાં આવતાં તા.૦૩/૧૧/૧૪ ના રોજ આશરે ૭૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી., સ્લેબ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

TOP

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૧૧/૨૦૧૪ તેમજ તા.૦૪/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૪૪૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૭૮૦૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૨૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૩ ઈસમોને નોટીસ આપવામાં આવી.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે **રૂા.૩૬,૩૨,૬૩૫/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૬૭,૧૩૦/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૧૦૮ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૩,૦૫,૦૩૭/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૯૯,૪૯૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૩૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં તા. ૦૫/૧૧/૨૦૧૪ ના રોજ ડિમોલેશન કરવાની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઝોન (ઉધના)માં કાર્યપાલક ઇજનેરશ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળે ડિમોલેશનની કામગીરી કરવામાં આવેલ. ટી.પી. સ્કીમ નં ૪૮ (ભેસ્તાન) પ્રિલિમિનરી, ફા.પ્લોટ નં. ૮૨ (રીઝર્વેશન પ્લોટ) માં ઉત્તરના ભાગમાં રહેણાંક હેતુસરનુ અનઅધિકૃત બાંધકામ શરૂ કરવામાં આવેલ. જેમાં આજરોજ આશરે ૧૭૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. બીમ, કોલમ તથા ઇંટની ચણતરકામની દિવાલવાળુ પ્લીંથ સહિતનું બાંધકામ તથા સદર રીઝર્વેશન પ્લોટના પૂર્વ ભાગમાં ૬૫૦ ચો. ફુટ માપ વિસ્તારમાં ઇંટની ચણતરકામની દિવાલવાળુ અને છાપરાવાળુ બાંધકામ દુર કરવામાં આવેલ.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ તથા દબાણ સ્ટાફ  ધ્વારા કરવામાં આવેલ છે.

TOP